# આણંદ કૃષિ યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓ એ બેંકમાં રૂા. ૮ થી ૧૦ લાખના વાર્ષિક પેકેજ મેળવી કોરોના ના કઠીન સમય મા હાંસલ કરી અનોખી સિદ્ધી

---

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હેઠળની દેશની સુવિખ્યાત બી. એ. કોલેજ ઓફ એગ્રિકલ્ચરના વર્ષ ૨૦૨૦ માં બી.એસ.સી. (એગ્રી)ની ડીગ્રી મેળવીને ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે કોલેજના પ્લેસમેન્ટ સેલ દ્વારા દેશની અગ્રણી **IDBI બેંકમાં આસીસ્ટન્ટ મેનેજર**ના પદ માટે ઓનલાઈન કેમ્પસ પ્લેસમેન્ટની કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઈન્ટરવ્યુ પ્રક્રિયા દરમિયાન  હાલની કોવીડ'૧૯ ની મહામારીને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓના ઓનલાઈન ગૃપ ડિસ્કશન અને પર્સનલ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ ઈન્ટરવ્યુની પ્રક્રિયામાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જે પૈકી ૧૨ વિદ્યાર્થીઓ પર્સનલ ઈન્ટરવ્યુ માટે પસંદ થયા હતા. જેમાંથી ત્રણ વિદ્યાર્થીઓની આ નામાંકિત બેંકમાં આસીસ્ટન્ટ મેનેજરની પોસ્ટ માટે પસંદગી થયેલ છે. કોરોનાના કપરા કાળમાં અંદાજીત **રૂા. ૮ થી ૧૦ લાખના વાર્ષિક પેકેજ** ની નોકરી મળતા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે અને ઉજ્વળ ભવિષ્યના સપના સેવી રહ્યા છે.

તા.૧૯-૦૪-૨૦૨૧ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયા તથા સંશોધન નિયામકશ્રી, ડૉ. એમ. કે. ઝાલાએ પ્લેસમેન્ટ સેલના કો-ઓર્ડીનેટર ડૉ. જે. બી. પટેલ તેમજ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ પૈકી શ્રી વાસુદેવ ભંડેરી તથા શ્રી યોગાનંદ ભાર્ગવ સાથે આ સિદ્ધી મેળવવા અંતર્ગત ચર્ચા કરી સીલેક્શન પ્રક્રિયાની જાણકારી મેળવી ભવિષ્યમાં આ પ્રકારે આણંદ કૃષિ યુનિવર્સિટીના વધુમાં વધુ વિદ્યાર્થીઓ પસંદ થાય અને દેશના કૃષિ વિકાસની કામગીરીમાં જોડાય તેવી આશા અને વિશ્વાસ વ્યકત કર્યો હતો.



માન. કુલપતિશ્રીએ આસીસ્ટન્ટ મેનેજરના પદ ઉપર પસંદ થયેલ વિદ્યાર્થીઓને તેમના કેન્દ્રબિંદુમાં ખેડૂતોની સેવાને ધ્યાનમાં રાખી પૂરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી ફરજો અદા કરવાની સલાહ આપી હતી અને પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તથા પ્લેસમેન્ટ સેલ ના કો-ઓર્ડીનેટરને અભિનંદન આપ્યા હતા.

આ અગાઉ જાન્યુઆરી'૨૦૨૧ માં પણ આજ એગ્રિકલ્ચર કોલેજના પાંચ વિદ્યાર્થીઓની એગ્રિકલ્ચર ઓફિસરના પદ ઉપર **Axis Bank** દ્વારા **રૂ.** ૪.૮૦ થી ૫.૦૦ લાખ સુધીના વાર્ષિક સેલરી પેકેજ સાથે પસંદગી કરવામા આવી છે.

આમ, કોરોના જેવી મહામારીના સમયગાળામાં જયારે રોજગારીના પ્રશ્નો ઉદ્દભવ્યા છે તેવા સમયે આણંદ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ખૂબજ સારા અને આકર્ષક પેકેજ સાથે ઓનલાઈન ભરતીની પ્રોસેસ દ્વારા પસંદગી થયેલ છે, તે બાબત યુનિવર્સિટી માટે ગૌરવની વાત છે.

આ સફળતા માટે આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીએ જણાવ્યું હતુ કે આ સફળતા યુનિવર્સિટીની શૈક્ષણિક ગુણવત્તા તથા યુનિવર્સિટી દ્વારા સ્નાતકના છેલ્લા વર્ષમાં ચલાવાતા રોજગાર પ્રાપ્ત થવા યોગ્ય કાર્યક્રમ RAWE (રૂરલ એગ્રિકલ્ચર વર્ક એક્સપોઝર) ને આભારી છે અને આજ રીતે યુનિવર્સિટી ગુણવત્તા સભર વિદ્યાર્થીઓ તૈયાર કરવાનું કામ સતત કરતી રહેશે.